# Chepter 3 મનોવલણો

**પ્રસ્તાવના :-**

માનવી હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી કે પારસી, રૂઢીચુસ્ત કે પ્રગતિશીલ, મુડીવાદી કે સામ્યવાદી, કોંગ્રેસી કે ભાજપી તેના મનોવલણોને આધારે **ઓળખાય** છે. ધર્મ, શિક્ષણ, અર્થવ્યવસ્થા અને રાજકારણ એમ **દરેક ક્ષેત્રમાં** મનોવલણો પોતાનો **ભાગ ભજવે** છે.

મનોવલણો માનવીની **સમાજીકરણની પ્રક્રિયાનું** પરિણામ છે. આ **મનોવલણોનું પ્રતિબિંબ** માનવીની વાણી અને વર્તનમાં પડે છે. અન્ય લોકો સાથેની **આંતરપારસ્પરિક ક્રિયાઓ** અને **સંસ્કૃતિની** અસરોને લીધે **મનોવલણો ઘડાય** છે.

**જી. ડબલ્યુ. ઓલપોર્ટે** ઈ. સ. **1935** માં બતાવ્યું હતું કે સમકાલીન અમેરિકન સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં મનોવલણો નો ખ્યાલ મુખ્ય, અનિવાર્ય અને ખુબ જ ચર્ચા પામેલો છે. કેટલાક લેખકોએ તો **સમાજલક્ષી મનોવિજ્ઞાનની વ્યાખ્યા "મનોવલણોનો વૈજ્ઞાનિક અભ્યાસ"** તરીકે આપી છે.

સામાજિક જીવનમાં આપણે વિવિધ વ્યક્તિઓ કે જૂથો કે પદાર્થો પ્રત્યે **સાનુકુળ કે પ્રતિકુળ મનોવલણ** ધરાવતા હોઈએ છીએ. જેમના તરફ **સાનુકુળ** વલણ હોય તેવી વ્યક્તિઓ કે જુથોને આપણે **સ્વીકારીએ** છીએ અને જેમના પ્રત્યે **પ્રતિકુળ** મનોવલણ હોય તેમને આપણે **અસ્વીકારીએ** છીએ અને દુર રાખીએ છીએ. આપણા **સામાજિક વ્યવહારો** આપણા મનોવલણો ઉપર આધાર રાખે છે. મનોવલણો આપણી **વાણી, વ્યવહારો અને વર્તનમાં પ્રગટ** થાય છે.

**મનોવલણની વ્યાખ્યા** :-

પ્રચલિત વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

**જી ડબ્લ્યુ ઓલપોર્ટ :-**

"મનોવલણ બધી જ સંબંધિત વસ્તુઓ કે પરિસ્થિતિઓ પ્રત્યેની વ્યક્તિની પ્રતિક્રિયાઓ ઉપર નિર્દેશાત્મક કે ગત્યાત્મક અસર પાડનાર તત્પરતાની એક માનસિક કે ચેતાકીય અવસ્થા છે."

**ટી. એમ. ન્યુકોમ્બ :-**

"વ્યક્તિનું મનોવલણ અમુક વસ્તુ પ્રત્યે કાર્ય કરવાનો, પ્રત્યક્ષીકરણ કરવાનો, વિચાર કરવાનો તેમજ લાગણી અનુભવવાનો પૂર્વસંસ્કાર છે."

**કિમ્બાલ યંગ :-**

"મનોવલણ એક સંપાદિત સામાન્ય લાગણીનું વલણ છે, જેને લીધે વ્યક્તિ સતત અમુક રીતે જ પ્રતિક્રિયા કરે છે. અમુક પદાર્થ, પરિસ્થિતિ, વિચાર, મુલ્ય વગેરેના સંદર્ભમાં વ્યક્તિ વિધાયક કે નિષેધક રીતે પ્રતિક્રિયા કરે છે."

**ક્રચ ક્રચફિલ્ડ અને બેલાચી :-**

"મનોવલણ આપણી પ્રેરણાઓ, આવેગો, પ્રત્યક્ષીકરણ અને જ્ઞાનાત્મક પ્રક્રિયાઓનું એવું એક કાયમી સંગઠન છે, જે વ્યક્તિના જગતના સંદર્ભમાં ઉત્પન્ન થાય છે."

**બેરન અને બાયર્ન :-**

"વ્યક્તિનું મનોવલણ એ સામાજિક શિક્ષણનું પરિણામ છે."

**બી. કુપ્પુસ્વામી :-**

"મનોવલણ એ અમુક વસ્તુ, વ્યક્તિ અથવા પરિસ્થિતિ પ્રત્યે વિશિષ્ટ રીતે પ્રતિક્રિયા કરવાની સુસંગત, સંપાદિત અને આવેગયુક્ત પૂર્વવૃતિ છે."

ઉપરોક્ત વ્યાખ્યાઓને આધારે કહી શકાય કે મનોવલણ એ વ્યક્તિનું **"કાર્ય કરવાનું વલણ" (a tendency to act)** છે.

ટૂંકમાં :-

કોઈપણ પદાર્થ અથવા વ્યક્તિની બાબતમાં આપણા મનમાં વિચાર કરવાનો, લાગણીનો અને ક્રિયા કરવાનો જે ઝોક હોય છે તેને વલણ કહે છે.

મનોવલણને લીધે અમુક પદાર્થ કે પરિસ્થિતિ પ્રત્યે માનવી અમુક રીતે વર્તન કરવા તત્પર બને છે. પોતાની સાથે સંબંધિત દરેક વસ્તુ, વ્યક્તિ, વિચાર, માન્યતા, પરિસ્થિતિ કે સમસ્યા પ્રત્યે માનવી એક વિશેષ પ્રકારનું મનોવલણ ધરાવે છે. કોઈ માનવીને અમુક વસ્તુ પ્રત્યે મનોવલણ છે, એનો અર્થ એ કે તે માનવી એ વસ્તુ વિષે અમુક ચોક્કસ દિશામાં વિચારવા, લાગણી અનુભવવા તેમજ વસ્તુ પ્રત્યે એક વિશિષ્ટ દિશામાં વર્તન કરવા તૈયાર રહેશે. વસ્તુ પ્રત્યેની પ્રતિક્રિયાઓ માનવીની એક વસ્તુ વિશેની **"વર્તનની ભાત" (pattern of behaviour)** નક્કી કરે છે.

## **મનોવલણનું સ્વરૂપ :-**

મનોવલણનું સ્વરૂપ તેની લાક્ષણીકતાઓ દ્વારા આપી શકાય.

(૧) **મનોવલણ એ શારીરિક અને માનસિક તત્પરતાની સ્થિતિ છે** :-

વ્યક્તિ વિવિધ બાબતો પ્રત્યે ચોક્કસ પ્રકારના મનોવલણો ધરાવે છે. વ્યક્તિ તેના મનોવલણો પ્રમાણે પ્રતિક્રિયા કરવા તત્પર બને છે. મનોવલણ પ્રમાણેની ઉદ્દીપક પરિસ્થિતિ ઉપસ્થિત થાય કે તરત જ **વાણી કે વર્તન સ્વરૂપે તે અભિવ્યક્ત** થાય છે. આ રીતે મનોવલણો એ શારીરિક અને માનસિક તત્પરતાની સ્થિતિ છે.

(૨) **મનોવલણો જન્મજાત નથી, પરંતુ સંપાદિત છે** :-

કોઈ વ્યક્તિ તેના મનોવલણો જન્મતાની સાથે લઈને આવતી નથી, પરંતુ જેમ જેમ તેનો વિકાસ થતો જાય છે, તેમ તેમ તે અનુભવને આધારે તેના મનોવલણો પ્રાપ્ત કરે છે. **કુટુંબ, શાળા, સમવયસ્ક જૂથો, સંદર્ભ જૂથો** વગેરે દ્વારા સમાજીકરણની પ્રક્રિયા દરમ્યાન મનોવલણો શીખાય છે.

(3) **વ્યક્તિના ગમા કે અણગમાને કામચલાઉ રીતે મનોવલણમાં કહી શકાય** :-

વ્યક્તિને ચા ગમે છે અને તમાકુ પ્રત્યે તેને તીવ્ર અણગમો છે. એનો અર્થ એ થયો કે વ્યક્તિને ચા પ્રત્યે વિધાયક અને તમાકુ પ્રત્યે નિષેધક મનોવલણ છે. કોઈ વ્યક્તિ માનીતી હોય અને કોઈ વ્યક્તિ અણગમતી હોય તેવું બને. સમાજમાં ગમા અને અણગમાને લીધે સંબંધ બંધાતા હોય છે, તુટતા હોય છે. સામાજિક વ્યવહારમાં ગમા-અણગમા મહત્વનો ભાગ ભજવે છે.

(૪) **<u>મનોવલણમાં માન્યતા અને મૂલ્યાંકન બંને રહેલા છે</u>** :-

ઉચ્ચ વર્ણના લોકોને અવર્ણો પ્રત્યે નિષેધક મનોવલણ હોય. ગોરી વ્યક્તિઓને હબસીઓ પ્રત્યે નિષેધક મનોવલણ હોય. આ મનોવલણમાં **અન્ય જૂથો અંગેના જ્ઞાન વિશેનો નિર્દેશ કરે** છે; અણગમાની લાગણી વ્યક્ત કરે છે અને અમુક પ્રકારની પ્રતિક્રિયા કરવાની વૃત્તિ દર્શાવે છે.

(૫) **<u>વ્યક્તિ, પદાર્થ, પરિસ્થિતિ, માનવી કે જૂથ અંગેના મનોવલણો હોય છે</u>** :-

આ મનોવલણો પ્રાથમિક રીતે સામાજિક અસરોને લીધે બંધાય છે. જન્મથી જ માનવી અમુક સામાજિક વાતાવરણ સાથે સંકળાયેલો રહે છે. કુટુંબજીવન એ માનવીના મનોવલણો ઘડવા માટેનું પ્રાથમિક એકમ છે. પછીના અનુભવો આ મનોવલણોમાં સહેલાઈથી ફેરફાર કરી શકતા નથી.

(૬) **<u>મનોવલણ એક અનુમાનિત તથ્ય છે</u>** :-

કોઈ વ્યક્તિનું ચલચિત્રો પ્રત્યેનું નિષેધક મનોવલણ હોય, તેનો અર્થ એ કે અન્ય વ્યક્તિઓની સરખામણીમાં એનું વર્તન ચલચિત્રોની વિરુદ્ધમાં હશે, **<u>મનોવલણ માટે એ જરૂરી છે કે વ્યક્તિના વર્તનમાં સ્થિરતા હોવી જોઈએ.</u>** જો કોઈ વ્યક્તિ કોન્ગ્રેશ વિષે ખુબ જ ખરાબ બોલે અને બીજા સમયે કોન્ગ્રેશની ખુબ જ પ્રશંસા કરે, તો આ બાહ્ય પરિવર્તન ઉપરથી એમ ન કહી શકાય કે વ્યક્તિ કોન્ગ્રેશ પ્રત્યે વિધાયક કે નિષેધક મનોવલણ ધરાવે છે, કારણ કે વ્યક્તિનું આવું વર્તન સ્થિર કહેવાય નહિ.

(૭) **મનોવલણો જુથવ્યાપી હોય છે** :-

દરેક જૂથના સભ્યોમાં જૂથના મનોવલણો સમાન રીતે જોવા મળે છે. **રહેણીકરણી, ખાનપાન, પહેરવેશ, ધાર્મિક તહેવારો કે રીતરીવાજો-રૂઢી વિશેના** મનોવલણો જૂથવ્યાપી હોય છે. જૂથ કે સમાજમાં વ્યક્તિ ઉછેર પામે છે તેના મુલ્યો દ્વારા તેના મનોવલણો બંધાય છે.

(૮) **મનોવલણો લગભગ કાયમી હોય છે** :-

મનોવલણો એક વાર બંધાયા પછી રૂઢ બની જાય છે અને લાંબા સમય સુધી ટકી રહે છે. મનોવલણો સહેલાઈથી બદલી શકતા નથી, પરંતુ ધીરે ધીરે બદલી શકાય છે. લોકોની **અંધશ્રદ્ધા કે વહેમો સહેલાઈથી બદલી શકાતા નથી.** ભારતમાં **જ્ઞાતિપ્રથા તથા દહેજપ્રથા અંગેના મનોવલણો વર્ષોથી ટકી રહ્યા છે** તેને બદલી શકાયા નથી. આવા મનોવલણો કાયમી રહ્યા છે.

# મનોવલણોનું ઘડતર (Formation of Attitude)

મનોવલણ જન્મગત નથી, પરંતુ તે શીખવાથી પ્રાપ્ત થાય છે. – અનુભવથી પ્રાપ્ત થાય છે. – સંપાદિત છે. – આસપાસના સમાજમાંથી જ શીખાય છે. – જેમ જેમ વ્યક્તિ મોટી થાય તેમ તેમ મનોવલણો વિકાસ પામે છે. – તેનું ઘડતર કેવી રીતે થાય છે તે જાણવું રસપ્રદ છે.– કયા પરિબળો ભાગ ભજવે છે.

૧. કુટુંબ જીવનની અસર
૨. જૂથની અસર
3. આઘાતજનક અનુભવો
૪. મનોવલણના ત્રણ પાસાનો વિકાસ
(૧) બોધાત્મક (૨) ભાવાત્મક (3) વાર્તનીક
૫.તાલીમનો ફાળો
૬. વ્યક્તિત્વના પરીવર્ત્યોનો ફાળો
૭. બીનસલામતીની લાગણી (અસલામતીનો ભાવ)
૮. સંદર્ભ જૂથોનો ફાળો
૯. અનુકરણનો ફાળો

૧. <u>કુટુંબ જીવનની અસર</u> :-

વ્યક્તિના મોટાભાગના મનોવલણો તેના કુટુંબ અને તે જે જૂથ સાથે સંકળાયેલી હોય છે તે દ્વારા બાળપણમાં અને પછીની વયે વિકાસ

પામે છે. માતા પિતા પોતાના ગમા, અણગમા, પૂર્વગ્રહો, અભિરુચિ, આકાંક્ષા વગેરેનું પ્રક્ષેપણ પોતાના બાળકોમાં કરે છે. બાળક પોતાના માતાપિતા સાથે ગાઢ તાદાત્મ્ય ધરાવે છે. તે પોતાના માતા પિતાને જ પ્રેરક નમુના તરીકે જુએ છે. બાળકનું મનોવૈજ્ઞાનિક ક્ષેત્ર માર્યાદિત હોય છે. તેનામાં અનુકરણવૃત્તિ હોય છે. તેથી બાળકના મનોવલણના ઘડતરમાં કુટુંબ– ખાસ કરીને માતાપિતાની અસર વધુ હોય છે.

૨. **જૂથની અસર** :-

અન્ય લોકોની સાથેના સહવાસને લીધે મનોવલણો ઘડાય છે. આપણે જે જુથમાં રહેતા હોઈએ છીએ, તે જૂથ દ્વારા આપણા મનોવલણો વિકાસ પામતા હોય છે. **શેરીના મિત્રો, શાળાના મિત્રો, કલબના મિત્રો, શિક્ષકો વગેરેની અસરથી મનોવલણો ઘડાય છે.** પરંતુ આ બધા હમેશા **પ્રત્યક્ષ** રીતે જ મનોવલણોના ઘડતરમાં ભાગ લે છે તેવું બનતું નથી, પણ વ્યક્તિના **આ બધા સાથેના અંગત અનુભવો** પણ તે માટે અગત્યનો ભાગ ભજવે છે. મોટા ભાગના લોકો કે જૂથ સાથે **વ્યક્તિનો આવેગાત્મક સંબંધ હોય** તેમની અસર તેના મનોવલણના ઘડતરમાં અધિક થાય છે. તેથી જ તે **મિત્ર-જૂથના** મનોવલણો ઝડપથી અપનાવી લે છે.

3. **આઘાતજનક અનુભવો** :-

"આઘાતજનક અનુભવો" દ્વારા કેટલીક વખત તીવ્ર મનોવલણો ઘડાય છે. જેમ કે; **જે કોમના માણસો દ્વારા શારીરિક હુમલો થયો હોય,** તો તે આઘાતજનક અનુભવને લીધે આ કોમના માણસો વિષે **તીવ્ર-ઉગ્ર મનોવલણો બંધાય** છે. **લાસવેલે ક્રાંતિકારી નેતાઓનું વિશ્લેષણ** કર્યું છે. લાસવેલ જણાવે છે કે બાળપણમાં માતાપિતા

દ્વારા અસ્વીકાર કે તિરસ્કારને કારણે ઘણાખરા નેતાઓમાં બળવાખોરી વિકસી હતી. બાળપણમાં બાળકની મનોવૈજ્ઞાનિક જરીરિયાત જેવી કે સ્નેહ, સહાનુભુતિ, સ્વીકાર વગેરેનો અસંતોષ, ભાઈભાંડુઓની સ્પર્ધા, પિતાનું અત્યંત કડક વર્તન વગેરે આઘાતજનક અનુભવોને લીધે બાળકમાં રોષ ઉત્પન્ન થાય છે. આ રોષનું અજ્ઞાત દમન થાય છે. મોટી ઉંમરે આ દમિત રોષ સમાજ તરફની બળવાખોરીમાં પરિણામે છે.

## ૪. મનોવલણના ત્રણ પાસાનો વિકાસ :-

(૧) બોધાત્મક (૨) ભાવાત્મક (૩) વાર્તનીક

મનોવલણ નું ઘડતર કેવી રીતે થાય છે તે હકીકત સમજવા માટે મનોવલણના આ ત્રણ પાસાઓના વિકાસ ઉપર કેવી બાબતો અસર પહોંચાડે છે તે સમજવું જરૂરી છે.

(૧) બોધાત્મક પાસું : મનોવલણનું બોધાત્મક પાસું વર્ગીકરણના સામાન્ય વલણને આધારે વિકસે છે. કોઈ પણ હિંદુ વ્યક્તિ ઘણા મુસ્લિમોને મળે છે, પરંતુ તેમની વચ્ચે રહેલી ભિન્નતાને લક્ષમાં રાખ્યા વિના “બધા મુસ્લિમો ધર્માંધ હોય છે” તેવું સામાન્યીકરણ કરી બેસે છે. તેવી જ રીતે સામા પક્ષે “બધા હિંદુઓ અવિશ્વાસુ છે.” આવું વર્ગીકરણ પરિસ્થિતિને સરળ બનાવે છે, પરંતુ તેને લીધે આવા વિધાનો ખુબ અચોક્કસ બને છે. આવા સામાન્યીકારણો અતાર્કિક હોય છે.

**ભાવાત્મક પાસું :**

આ પાસું વિધાયક કે નિષેધક લાગણીઓ કે આવેગો સાથે સબંધ ધરાવે – જો વ્યક્તિના અનુભવો અમુક જ્ઞાતિ,ધર્મ કે ઉત્સવ પ્રત્યે આનંદ દાયક હોય તો તેમના પ્રત્યે વિધાયક મનોવલણો ઘડાય – દુખદ અનુભવો વ્યક્તિમાં નિષેધક મનોવલણો જન્માવે

**વાર્તનીક પાસું :**

સામાજીકરણની પ્રક્રિયા સાથે સબંધ – માબાપે જેવી તાલીમ આપી હશે – પહેરવેશ, ખોરાક, રીતરીવાજો, ધર્મ, નીતિના મનોવલણો સામાજીકરણની પ્રક્રિયાથી ઘડાય – જે વર્તન દ્વારા વ્યક્ત થાય –

## (૫) તાલીમનો ફાળો :

કુટુંબ, શાળા, સગા સબંધીઓ તાલીમ આપે – એડોર્નનો સ્ટડી = કડક તાલીમ=સત્તાવાદી વ્યક્તિત્વ વિકાસ, જેઓ નિષેધક મનોવલણ ધરાવે – ઓછા સત્તાવાદી સહિષ્ણુ હોય છે

## (૬) વ્યક્તિત્વના પરીવર્ત્યોનો ફાળો :

આની મહત્વની ભૂમિકા છે

આંતર આત્મા અથવા વિવેક બુદ્ધિનો વિકાસ : “સુપર ઈગો” કહે – સામાજીકરણ દ્વારા વિકસે – વિવેક બુદ્ધિ અગત્યનું પાસું - આંતરિક નિયંત્રણ આવે – સજાનો ઉપયોગ થાય તો બાહ્ય નિયંત્રણ મુકાવું પડે – સજા વગર આંતરિક નિયંત્રણ વિકસે -

**આંતરવૈયક્તિક સબંધો :**

વિધાયક સબંધો હોય તો સમાધાનકારી વલણ – નિષેધક = બદલાની ભાવના જોવાય છે

બિનસલામતીની લાગણી :

અયોગ્ય ઉછેરને કારણે અસલામતીની લાગણી – તેઓ અસહીષ્ણું બિનસલામત લોકો સરમુખત્યાર શાસનને પસંદ કરવાનું વલણ

## (૭) સંદર્ભ જુથનો ફાળો :

જે જુથનો સભ્ય હોય તે જૂથના વલણો – જેનીઝ્ઝ અને નીએમી ના અભ્યાસો = શાળાના ૭૬ ટકા બાળકોની રાજકીય પક્ષ અંગેની પસંદગી તેમના માબાપ જેવી – અને ન્યુકોમ્બના અભ્યાસમાં = કોલેજના 60 ટકા લોકોની – ટૂંકમાં જુઠા કે માબાપના વલણો સ્વીકારી લે છે.

## (8) અનુકરણનો ફાળો :

બાળકો માતા-પિતા, મિત્રો, શિક્ષકો, વડીલો વગેરેનું અનુકરણ – ધાર્મિક વિધિ, પહેરવેશ, રહેણીકરણી, ખાનપાન, જીવણ શૈલી વગેરેનું અનુકરણ પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ યુવાનોમાં

## ઉપસંહાર :

બાલ્યાવસ્થા અને પુખ્ત ઉમરે પ્રાપ્ત થતા શિક્ષણ અને તાલીમનો મહત્વનો ભાગ – કુટુંબ જીવન, સામાજીકરણ, આઘાતજનક અનુભવો, સંદર્ભ જૂથો, અનુકરણ, શિક્ષણ તાલીમ વગેરે પરિબળો મનોવલણ ઘડતરમાં ભાગ ભજવે છે. જો કે મનોવલણો પ્રમાણમાં સ્થાયી અને કાયમી છે, પરંતુ પ્રયત્ન દ્વારા પરિવર્તન શક્ય છે.